રજુ તારીખ : ૦૧/૦૬/૨૦૨૬
દાખલ તારીખ: ૦૧/૦૬/૨૦૨૬
નિકાલ તારીખ : ૧૦/૦૬/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ
૦ ૦ ૯

**ભાવનગરના મહે. સ્પેશ્યલ જજ તથા ૨ જા એડિશનલ સેસન્સ જજ સમક્ષ મુ. ભાવનગર**

**ફોજદારી પરચુ. અરજી નં.૯૬૭/૨૦૨૬**
**આંક–**

**અરજદાર :** **ધર્મેશભાઇ ઉર્ફે ઘુઘો રમેશભાઇ ચુડાસમા**
ઉ.વ.આ.૨૦, ધંધો –મજુરી
રહે.ફીલ્ટરની ટાંકી,ચિત્રા સીદસર રોડ, મફતનગર, ભાવનગર,
મુળ રહે.ભરવાડવાળો ખાંચો, દેવીપુજક વાસ, ચાવડીગેટ, ભાવનગર
**હાલ–જિલ્લા જેલ, ભાવનગર**

વિરૂધ્ધ

**સામાવાળા :** **(૧) શ્રી સરકાર.**
**(૨) લાભુબેન વા.ઓ.મુકેશભાઇ મકવાણા**
રહે. વડવા તલાવડી, ઘનશ્યામની ચાલી, ચાવડીગેટ, ભાવનગર

**બાબત: બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા બાબત અરજી.**

**અરજદાર તરફે :** વિ.વ.શ્રી.પી.પી.જાડેજા
**સામાવાળા તરફે :** વિ.પી.પી.શ્રી જી.પી.જાડેજા

**–: ચુ કા દો :–**

(૧) અરજદારે હાલની અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ અન્વયે નિલમબાગ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૮૦૦૧૨૬૦૦૮૫/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(એમ), પોકસો એકટની

કલમ-૪,૮,૧૮ મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન મેળવવા માટે રજુ કરેલ છે.

(૨) અરજદારની અરજી વંચાણે લીધી, પોલીસ પેપર્સ ધ્યાને લીધા. અરજદારના વિ.વ.શ્રી પી.પી.જાડેજા તથા સરકાર તરફે વિ.પી.પી.શ્રી. જી.પી.જાડેજાને સાંભળ્યા. તપાસ કરનાર અધિકારી તરફે રજુ થયેલ આંક-૫ નું સોગંદનામુ વંચાણે લીધુ.

(૩) અરજદાર તરફે વિ.વ.શ્રી. પી.પી.જાડેજાએ રજુઆત કરતા જણાવેલ છે કે, સદર ગુનાના કામે તપાસ પુર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ પણ થઇ ગયેલ છે. જેથી હવે તપાસના કામે અરજદાર/આરોપીની હાજરીની કોઇ જરૂરીયાત નથી. હાલની જમીન અરજી એ અરજદારની પ્રથમ જામીન અરજી છે. અરજદાર તદન નિર્દોષ છે અને ખોટી રીતે આવા ગંભીર ગુનામાં સંડોવી દીધેલ છે. ફરિયાદીએ અવાંતર હેતુથી અને નિષ્ણાંતની સલાહ સુચન મુજબ કોઇની ચડામણીથી ફરિયાદ કરેલ છે. ફરિયાદ વાળો બનાવ તા.૨૪/૦૬/૨૦૨૬ નારોજ બનેલ છે અને ફરિયાદ તા.૨૬/૦૨/૨૦૨૬ નારોજ જાહેર થયેલ છે જે હકીકત મુજબ ફરિયાદ મોડી આપવાનું કોઇ કારણ દર્શાવેલ નથી. અરજદારે ભોગબનનારની મરજી વિરૂધ્ધ કોઇ જગ્યાએ ધાક ધમકી આપીને લઇ ગગયેલ નથી કે દુષ્કર્મ કરેલ નથી. ભોગબનનારનું નિવેદન ધ્યાને લેતા તેણી પોતાની મરજીથી અને રાજીખુશીથી અરજદાર સાથે મોબાઇલ તથા ઇસ્ટાગ્રામ આઇ.ડી.માં વાતચીત કરતા હોવાનું તેમજ તેઓની મરજીથી અલગ અલગ જગ્યાએ ફરવા ગયેલ હોવાનુ જણાવેલ છે. ભોગબનનારે પોતાની જાતે ઘરનો ત્યાગ કરેલ હોવાની અને તેણીને કોઇ લલચાવી, ફોસલાવી વાલીપણામાંથી અપહરણ કરી ગયેલ હોય તે હકીકત ફલીત થતી નથી. ભોગબનનારને અરજદારની સાથે જતા કોઇ વ્યકિતએ જોયેલ હોવાનું સમગ્ર ચાર્જશીટમાં જણાવેલ નથી. ભોગબનનારે મેડીકલ ઓફીસર સમક્ષની હીસ્ટ્રીમાં જણાવેલ છે કે, તેઓ અરજદારને ત્રણ વર્ષથી ઓળખે છે અને પ્રેમ સંબંધ છે અને તા.૨૫/૦૨/૨૦૨૬ નારોજ તેઓની મરજીથી અને મરી જવાની ધમકી આપી અરજદારને બરવાડા

ભગાડીને લઈ ગયેલ હોવાનુ જણાવેલ છે. અરજદાર આ અગાઉ કોઇ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવાયેલ નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદારે ફરિયાદમાં જણાવેલ છે તેવુ કોઇ કૃત્ય કરેલ નથી. અરજદાર/આરોપી ભાવનગર જિલ્લાના કાયમી રહેવાસી છે, ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર ઉપર તેમના કુટુંબની જવાબદારી રહેલી છે તેમજ અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવે તેવા જામીન આપવા તથા શરતોનું પાલન કરવા ખુશી છે. અરજદારને જામીન પર મુક્ત કરવામાં ન આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીક્શન થાય તેમ છે. સદર તમામ હકીકત ધ્યાને લઈ, અરજદાર/આરોપીને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુક્ત કરવા રજૂઆત કરેલ છે.

(૪) સરકાર તરફે વિ.એ.જી.પી.શ્રી જી.પી.જાડેજા જામીન અરજી સામે વાંધો લેતા જણાવેલ છે કે, આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો ભોગબનનારને ખોટી રીતે હેરાન પરેશાન કરે તેવી સંભાવના જણાય છે. આ ગુનાના કામે હજી મહત્વના સાક્ષીઓ તપાસવાના બાકી છે. જેથી સાક્ષીઓની સુરક્ષા જોખમાય તેમ છે. પુરાવા સાથે ચેડા થાય તેમ છે. આરોપીને જામીન મુકત કરવામાં આવશે તો નાશી–ભાગી જશે. ટ્રાયલ સમયે હાજર રહેશે નહી. આરોપી જામીન મુકિતનો ગેરલાભ મેળવશે અને ટ્રાયલ વિલંબીત કરશે. વધુમાં જણાવેલ છે કે આરોપી સામે પુરતો પુરવો હોય ચાર્જશીટ કરવામાં આવેલ છે. જે તમામ પરીબળો ધ્યાને લઇ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) આ કામની મુખ્ય હકીકત જોતા આરોપી સામે નિલમબાગ પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં. ૧૧૧૯૮૦૦૧૨૬૦૦૮૫/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૩૭(૨),૮૭,૬૪(૨)(એમ), પોકસો એકટની કલમ–૪,૮,૧૮ મુજબનો ગુનો નોંધાયેલ છે. અરજદાર/આરોપી સામેના મુખ્ય આક્ષેપો સંક્ષિપ્તમાં જોતાં, તા.૨૫/૦૨/૨૦૨૬ ના રાત્રીના આશરે સાડા બારેક વાગ્યાથી સવારના સાતેક વાગ્યા દરમિયાન આરોપી ધર્મેશભાઇ ઉર્ફે ધુધો રમેશભાઇ વાલજીભાઇ ચુડાસમાએ ભોગબનનાર સગીરવયની હોવાનું

જાણતા હોવા છતા તેને લલચાવી ફોસલાવી ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી અલગ અલગ જગ્યાએ લઈ જઈ ભોગબનનારની મરજી વિરૂધ્ધ શરીર સબંધ બાંધી ગુનો કરેલ હોવાની ફરિયાદ છે.

(૬) પક્ષકારોની રજુઆતો તથા સમગ્ર રેકર્ડ લક્ષમાં લીધા. કોઈ પણ બિનજામીનપાત્ર ગુનાના કામે આરોપીને જામીન ઉપર મુક્ત કરવો કે કેમ તે બાબત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૩ ની જોગવાઇ મુજબ અદાલતની વિવેકબુદ્ધિની સત્તાને આધીન રહેલી છે અને આવી વિવેકબુદ્ધિની સત્તા કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંતોને આધીન વાપરવાની રહે છે. અરજદાર/આરોપી વિરૂદ્ધ આક્ષેપીત ગુનાના કામે રજુ જામીન અરજી નિર્ણીત કરતી વખતે આક્ષેપીત ગુના સંબંધે નિર્દિષ્ટ કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાને લેવી તે જ એકમાત્ર પરિબળ નથી. જામીન અરજી નિર્ણીત કરતી વખતે ગુના અંગે નિર્દિષ્ટ સજાની જોગવાઈ ઉપરાંત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, આરોપીની વય, ટ્રાયલ દરમિયાન આરોપીની હાજરી મળી આવવાની સંભાવના વિગેરે પરિબળો પણ લક્ષમાં લેવાના રહે છે.

(૭) બન્ને પક્ષકારોની રજુઆત તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ ધ્યાનમાં રાખતા સદર ગુનાના કામે ચાર્જશીટ થઇ ગયેલ છે અને સદર કામે ચાર્જશીટ બાદની હાલની પ્રથમ જામીન અરજી છે, જે સંદર્ભે ફરિયાદી લાભુબેન મુકેશભાઇ મકવાણાએ તેઓની ફરિયાદમાં જણાવેલ છે કે, આરોપીએ ભોગબનનારને તા.૨૫/૦૨/૨૦૨૬ નારોજ રાત્રીના આશરે સાડા બારેક વાગ્યાથી સવારના સાત વાગ્યા દરમિયાન ભોગબનનાર સગીર વયની હોવાનું જાણતો હોવા છતા લલચાવી ફોસલાવી કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઇ ગયેલ અને તે દરમિયાન તેને ભોગબનનાર સાથે શરીર સબંધ બાંધેલ છે.

વધુમાં તપાસ કરનાર અમલદાર દ્વારા ભોગબનનારનુ નિવેદન લેવામાં આવેલ છે અને સદર નિવેદનમાં એવુ જણાવેલ છે કે, તેઓને

આરોપી સાથે ત્રણેક વર્ષ પહેલા પ્રેમ સબંધ બંધાયેલ અને અવાર નવાર મળતા હતા. ત્યારબાદ તા.૨૫/૦૨/૨૦૨૬ નારોજ તેઓ બન્નેએ એકબીજાને ફોન કરી ઘરેથી ભાગી જવાનું નકકી કરેલ અને અને ભાગીને બરવાડા ગયેલ અને બરવાડા આરોપીના ફઇના ઘરે રાત્રી રોકાણ કરેલ અને ત્યા આરોપીને ના પાડવા છતા ભોગબનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલ હોવાની હકીકત જણાવેલ છે.

વધુમાં સાહેદ મુકેશભાઇ ભુરાભાઇ મકવાણા તથા સાહેદ અક્ષયભાઇ બુધાભાઇ દેગામા તથા સાહેદ રવીનાબેન અક્ષયભાઇ દેગામા તથા સાહેદ વંદના મુકેશભાઇ મકવાણાએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં આ કામના આરોપીએ ભોગબનનારને તા.૨૫/૦૨/૨૦૨૬ નારોજ તેઓના રહેણાંકી મકાનમાંથી લલચાવી ફોસલાવી અને ભોગબનનારના માતાપિતાના કાયદેસરના વાલીપણામાંથી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઇ ગયેલ હોવાનું જણાવેલ છે.

(૮) આમ, ઉપર મુજબના ફરિયાદી તથા સાહેદોના નિવેદનો ધ્યાનમાં રાખતા અરજદાર/આરોપી સામે કોઇ પ્રથમ દર્શનીય ગુનો બનતો નથી તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. તપાસ પુર્ણ થઇ ગયેલ છે તે સિવાયનું અન્ય કોઇ નવું જામીન અરજી માટેનું કારણ ઉપસ્થિત થયેલાનું જણાય આવતું નથી. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ હાલના ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઇ ધ્યાને લેતા આરોપીને બી.એન.એન.એસ.ની કલમ-૪૮૩ અન્વયેની વિવેકાધીન સતાનો ઉપયોગ હાલના તબકકે કરવા માટેનો આ યોગ્ય કેસ હોવાનું જણાય આવતુ નથી. જે તમામ સંજોગો ધ્યાને લેતા આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચીત જણાતુ ન હોય જામીન અરજી લગત ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

અરજદાર **ધર્મેશભાઇ ઉર્ફે ઘુઘો રમેશભાઇ ચુડાસમા**ની હાલની રેગ્યુલર

જામીન ઉપર મુકત કરવા માટેની અરજી "**નામંજુર**" કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ–૧૦, માહે –જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર
તા.૧૦/૦૬/૨૦૨૬

**(પી.પી.જાડેજા)**
બીજા એડિ.ડિસ્ટ્રિક્ટ તથા સેસન્સ જજ,
ભાવનગર,
કોડ નં.જીજે ૦૦૮૩૨

*JKA*